1. વૈદિક સાહિત્યમાં શેનો સમાવેશ થાય છે?

➢ વૈદિક સાહિત્યમાં ચાર વેદો (ઋગ્વદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ) ઉપરાંત જામયગંથો, આરણ્યકો, ઉપનિષદો, સૂત્રસાહિત્ય તેમજ શ્રુતિ, સ્મૃતિ, રામાયણ, માભારત અને ન તથા બૌદ્ધ ધર્મગ્રંથોનો સમાવેશ થાય છે.

2. યજુર્વેદ સંહિતા માટે કયા બ્રાહ્મણગ્રંથ છે?

➢ યજુર્વેદ સંહિતા માટે 'શતપથ' અને "તૈત્તિરીય" બ્રાહણ ગ્રંથ છે.

3. કયાં ઉપનિષદો ગધ સ્વરૂપે રચાયેલ છે ?

➢ "બૃહદારણ્યક " અને 'છાંદોગ્ય' ઉપનિષદો ગધ સ્વરૂપે રચાયેલા છે અને તે પ્રશ્નોતર સ્વરૂપે છે.

4. ઉપનિષદો માટે તત્વચિંતક મેકસમૂલરનો શો મત છે?

➢ તત્વચિંતક મેક્સમૂલરના મતે, "ઉપનિષદો વેદાંતના મૂળમાં રહેલા છે અને લાગે છે કે, માનવીનું ચિતન એમાં પરાકાષ્ઠાએ પહોચ્યું છે."

5. મહર્ષિ પતંજલિએ યોગસૂત્ર'માં કોને યોગનાં સાધનો કહ્યા છે ?

➢ મહર્ષિ પતંજલિખે 'યોગસૂત્ર' માં તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણીધાન (શરણાગતિ) એ ત્રણ ને યોગનાં સાધનો કહ્યાં

6. 'અષ્ટાંગ યોગ'નાં આઠ પગથિયાં કયાં કયાં છે ?

➢ 'અષ્ટાંગ યોગ'નાં આઠ પગથિયાં આ પ્રમાણે છે : (1) યમ, (2) નિયમ, (3) આસન, (4) પ્રાણાયામ, (5) પ્રત્યાહાર, (6) ધારણા, (7) ધ્યાન અને (8) સમાધિ.

7. સૂત્રસાહિત્યનાં સૂત્રોમાં મુખ્યત્વે કયા છે વિભાગ હતા?

➢ સૂત્રસાહિત્યનાં સૂત્રોમાં મુખ્યત્વે આ છ વિભાગ હતા ; (1) શિક્ષા, (2) છંદ, (3) વ્યાકરણ, (4) નિરુક્ત, (5) કલ્પ અને (6) જ્યોતિષ

8. જૈનદર્શનમાં કયો સિદ્ધાંત ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે?

➢ જૈનદર્શનમાં અનેકાંતવાદનો સિદ્ધાંત ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

9. જૈન ધર્મના સિદ્ધાંતોનાં પાંચ વ્રતો કયાં છે?

➢ જૈન ધર્મના સિદ્ધાંતોનાં પાંચ વ્રતો આ પ્રમાણે છેઃ (1) સત્ય, (2) અહિંસા, (3) બ્રહ્મચર્ય, (4) અસ્તેય અને (5) અપરિગ્રહ.

10.બુદ્ધ કઈ વિચારશ્રેણીનો ઉપદેશ આપ્યો?

- બુદ્ધ 'મધ્યમમાર્ગી' વિચારશ્રેણીનો ઉપદેશ આપ્યો.

11.સ્મૃતિયુગ દરમિયાન કયા સંપ્રદાયો વિશેષ પ્રચલિત બન્યા હતા?

- સ્મૃતિયુગ દરમિયાન વૈષ્ણવ સંપ્રદાય અને શૈવસંપ્રદાય વિશેષ પ્રચલિત બન્યા હતા.

12.વૈષ્ણવો કેવી નવધા ભક્તિને માને છે?

- વૈષ્ણવો ભગવાનના ગુણોનું શ્રવણ, સ્મરણ, કીર્તન, વંદન, દાસ્યભાવ, સાખ્યભાવ અને અંત્ય નિવેદનવાળી નવધા ભક્તિને માને છે.